॥ શ્રી સંતરામ મહારાજ સત્ય છે ॥

# શ્રી શિવ મહિમ્નઃ સ્તોત્રમ્

**શ્રી સંતરામ મંદિર, નડિયાદ.**

---


**સૌજન્ય : મંગળદાસ યુ. પટેલ (USA), હરીશ એમ. પટેલ (UK),
જયેશ એમ. પટેલ (USA), યોગેશ એમ. પટેલ (USA)
જતીન એમ. પટેલ (USA) પરિવાર તરફથી**

**પ્રકાશન તારીખ : ૨૯-૧૦-૨૦૧૨, શરદ પૂર્ણિમા સંવત ૨૦૬૮**

# શ્રી ગણપતિ સ્તુતિ

જય ગણેશ જય ગણેશ, જય ગણેશ દેવા
માતા જેની પાર્વતી ને પિતા શંકર દેવા - જય ગણેશ

એકદંત દયાવંત, ચાર ભૂજા ધારી
માથે સિંદૂર સોહે, મુશક હી સવારી - જય ગણેશ

અંધનકો આંખ દેત, કૌઢિન કો કાયા
વાંઝણીકો પુત્ર દેત, નિરધન કો માયા-જય ગણેશ

લડવન કો ભોગ લગે, સંત કરે સેવા,
જનમ જનમના પાપ હરે એવા ગણેશ દેવા - જય ગણેશ
હાર ચડે પુષ્પ ચડે ઔર ચડે મેવા
સૂર દાસ શરણે આયા સફલ કિજો સેવા - જય ગણેશ

# શ્રી શિવમાનસ પૂજા

શ્રી શંકર ભગવાનની કોઈપણ સ્તુતિ કરતાં પહેલાં આ શ્રી શિવમાનસપૂજા સ્તોત્રનો પાઠ અવશ્ય કરવો જોઈએ એવું મનાય છે, કારણ આ પાંચ શ્લોકોમાં ભગવાન શિવજીની માનસસેવાની ભાવના છે. પ્રત્યેક માનવ પાસે ભગવાનની સેવા માટે સર્વ સામગ્રી હોઈ ન શકે તો પણ એક અકિંચન ભક્ત પણ માત્ર માનસભાવથી ભગવાનનાં ચરણોમાં અને સેવામાં સર્વોત્તમ સામગ્રી અર્પી શકે છે. ભગવાન એટલા બધા દયાળુ છે કે આ સામગ્રીઓને ભક્તના ભાવથી સાચી બનેલી જુએ છે, સ્વીકારે છે અને પ્રસન્ન થાય છે.

श्री ગણેશાય નમઃ

રત્નૈઃ કલ્પિતમાસનં હિલમજૈઃ સ્નાનં ચ દિવ્યાંબરં,
નાનારત્નવિભૂષિતં મૃગમદાંમોદાંકિતં ચંદનમ્;
જાતીચંપકબિલ્વપત્ર રચિતં પુષ્પં ચ ધૂપં તથા,
દીપં દેવ દયાનિધે પશુપતે હૃત્કલ્પિતં ગૃહ્યતામ્ ૧

સૌવર્ણે મણિખંડરત્નરચિતે, પાત્રે ધૃતં પાયસમ્,
ભક્ષ્યં પંચવિધં પયોદધિયુતં, રંભાફલં પાનકમ્;
શાકાનામયુતં જલં રુચિકરં, કર્પૂરખંડોજ્જવલમ્,
તાંબૂલં મનસા મયાવિરચિતંભક્ત્યા પ્રભોસ્વીકુરુ. ૨

છત્રં ચામરયોર્યુગં વ્યજનકં ચાદર્શકં નિર્મલમ્,
વીણાભેરિ મૃદંગ કાહલકલા ગીતં ચ નૃત્યં તથા;

સાષ્ટાંગં પ્રણતિસ્તુતિર્બહુવિધા હ્યેતત્સમસ્તં મયા,
સંકલ્પેન સમર્પિતં તવ વિભોપૂજાં ગૃહણ પ્રભો. ૩

આત્મા ત્વં ગિરિજા મતિઃ સહચરાઃ પ્રાણ શરીરં ગૃહં,
પૂજા તે વિષયોપભોગરચના, નિદ્રા સમાધિસ્થિતિઃ,
સંચારઃ પદયોઃ પ્રદક્ષિણવિધિઃ સ્તોત્રાણિ સર્વાગિરો,
યદ્યત્કર્મ કરોમિ તત્તદખિલં શંભો તવારાધનમ્. ૪

કરચરણકૃતં વાક્કાયજં કર્મજં વા,
શ્રવણનયનજં વા માનસં વાપરાધમ્;
વિહિતમવિહિતં વા સર્વમેતત્ ક્ષમસ્વ,
જય જય કરુણાબ્ધે શ્રી મહાદેવ શંભો. ૫

# શ્રી શિવમહિમ્નઃ સ્તોત્ર

## ધ્યાન

**ધ્યાયેન્નિત્યં મહેશં રજતગિરિનિભં ચારુચન્દ્રાવતંસમ્ ।**
**રત્નાકલ્પોજ્વલાઙ્ગં પરશુમૃગવરાભીતિહસ્તં પ્રસન્નમ્ ॥**
**પદ્માસીનં સમન્તાત્સ્તુતમમરગણૈર્વ્યાઘ્રકૃત્તિં વસાનમ્ ।**
**વિશ્વાદ્યં વિશ્વવન્દ્યં નિખિલભયહરં પંચવક્ત્રં ત્રિનેત્રમ્ ॥**

રૂપાના પર્વત સમાન ગૌરવર્ણના, સુંદર ચંદ્ર જેમના મસ્તકે વિરાજે છે તેવા, રત્નોના સમુદાય સમા ઉજ્જવળ અંગો વાળા, પરશુ, હરણ, વરદાન અને અભય દર્શાવતા પ્રસન્ન, પદ્માસને શોભતા, વાઘામ્બરને ધારણ કરતા, ચોપાસ દેવગણો વડે સ્તુતિ કરતા, વિશ્વના આદિ, વિશ્વવડે વંદન કરતા, સમસ્ત ભયને દૂર કરનારા, પાંચ વદનવાળા, ત્રિનેત્ર એવા ભગવાન મહેશ્વરનું ધ્યાન કરવું.

## શ્રી પુષ્પદન્ત ઉવાચ

**મહિમ્નઃ પારં તે, પરમ - વિદુષો, યદ્ય - સદશી**
**સ્તુતિર બ્રહ્માદીના, - મપિ તદવસન્ના, સ્ત્વયિ ગિરઃ ।**

**અથાવાચ્યઃ સર્વઃ, સ્વમતિ - પરિણામા, - વધિ ગૃણન્**
**મમાપ્યેષ સ્તોત્રે, હર ! નિરપવાદઃ, પરિકરઃ ॥ ૧**

હે મહાદેવ ! જો તમારા મહિમાની પરમ સીમાને નહિ જાણનારાની (મારી) સ્તુતિ અયોગ્ય ઠરે, તો બ્રહ્માદિ દેવોની વાણી પણ તમારા વિષે અયોગ્ય જ ગણાય; અને જો પોતપોતાની બુધ્ધિની મર્યાદા પ્રમાણે સ્તુતિ કરનારા સર્વ કોઈ ટીકાને પાત્ર ન હોય, તો મારો પણ આ સ્તોત્ર વિષેનો પ્રયત્ન નિર્દોષ એટલે યોગ્ય જ છે. (૧)

**અતીતઃ પંથાનં, તવ ચ મહિમા, વાઙ્ મનસયો -**
**રતદ વ્યાવૃત્યા યં, ચકિત - મભિધત્તો, શ્રુતિરપિ ।**
**સ કસ્ય સ્તોતવ્યઃ, કતિવિધગુણઃ, કસ્ય વિષયઃ**
**પદે ત્વર્વાચીને, પતતિ ન મનઃ, કસ્ય ન વચઃ ॥ ૨**

તમારો મહિમા વાણી અને મનના માર્ગનું ઉલ્લંઘન કરી રહેલો છે. શ્રુતિ પણ વિસ્મય પામીને જેને અભેદભાવે વર્ણવે છે, તે મહિમાની સ્તુતિ કોણ કરી શકે ? તે કેટલા ગુણવાળો છે, તે પણ કોણ કહી શકે ? અને તે કોનાથી જાણી શકાય એવો છે ? તો પણ (ભક્તો ઉપરની કૃપાને લીધે ધારણ કરેલા તમારા) સાકાર સ્વરૂપમાં કોનાં મન અને વાણી પ્રવેશતાં નથી ? (૨)

**મધુ-સ્ફીતા વાચઃ, પરમ-મમૃતં, નિર્મિતવત-**
**સ્તવ બ્રહ્મન્ કિં વા, - ગપિ સુરગુરોર્, વિસ્મયપદમ્ ।**
**મમત્વેતાં વાણીં, ગુણ - કથન - પુણ્યેન, ભવતઃ**
**પુનામી-ત્યર્થેઽસ્મિન્, પુરમથન, બુદ્ધિર્ વ્યવસિતા ॥ ૩**

હે પ્રભો ! મધ જેવી મધુર અને પરમ અમૃત સમાન (અલંકારવાળી) વેદવાણી તમે ઉત્પન્ન કરો છો; તો પછી બ્રહ્માજીની વાણી પણ આપને શું આશ્ચર્યકારક લાગે ? (ન જ લાગે.) છતાં આપના ગુણોનું વર્ણન કરવાના પુણ્ય વડે હે મહાદેવ ! મારી આ વાણીને હું પવિત્ર કરું, એ હેતુથી જ આ (સ્તુતિરૂપ) કામમાં મારી મતિ તત્પર થયેલી છે. (૩)

**તવૈશ્વર્યં યત્ત જગદુદય - રક્ષા, - પ્રલયકૃત્**
**ત્રયીવસ્તુ વ્યસ્તં, તિસૃષુ ગુણ - ભિન્ના, -સુ-તનુષુ ।**
**અભવ્યા - નામસ્મિન્, વરદ રમણીયા, - મરમણીં**
**વિહન્તું વ્યાક્રોશીં, વિદધત ઈહૈકે, જડધિયઃ ॥ ૪**

હે વર દેનાર પ્રભો ! જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનારું, ત્રણે વેદોએ (સાચી) વસ્તુરૂપે પ્રતિપાદન કરેલું અને સત્ત્વાદિ ગુણોએ કરીને ભિન્ન એવાં ત્રણે શરીરમાં અલગ અલગ સ્થપાયેલું એવું જે તમારું ઐશ્વર્ય છે, તેનું ખંડન કરવા આ લોકમાં કેટલાક મંદબુદ્ધિવાળા (મીમાંસક વગેરે), જેમનું આ ત્રણ લોકમાં કદી કલ્યાણ નથી, એવા લોકો મનોહર લાગતું; પણ ખરી રીતે અમનોહર, એવું આક્ષેપવાળું-ભાષણ (બકવાદ) મોટેથી કરે છે. (૪)

**કિમીહઃ કિંકાયઃ, સ ખલુ કિમુપાય, સ્ત્રિભુવનં**
**કિમાધારો ધાતા, સૃજતિ કિમુપાદાન ઈતિચ ।**
**અતર્ક્યૈશ્વર્યે ત્વ - , યનવસર - દુઃસ્થો હતધિયઃ**
**કુતર્કોડયં કાંશ્ચિન્ મુખરયતિ મોહાય, જગતઃ ॥ ૫**

(જો ભગવાન શંકર જ સૃષ્ટિકર્તા હોય તો) તે સ્રષ્ટાની (સૃષ્ટિ રચવામાં) ચેષ્ટા કઈ ? કાયા કઈ ? ઉપાય કયો ? વળી તેનો આધાર કોણ ? અને તેની સામગ્રી શી ? કે જે તે વડે ત્રિભુવન રચે ? ખરેખર ! અચિંત્ય સામર્થ્યવાળા આપને વિષે અવસર વિનાનો આ કુતર્ક કેટલાંક મંદબુદ્ધિ મનુષ્યોને (જગતને ઠગવા) વાચાળ બનાવે છે. (૫)

**અજન્માનો લોકાઃ, કિમ - વય - વવંતોડપિ, જગતા-**
**મધિષ્ઠાતારં કિં, ભવ - વિધિર - નાદત્ય, ભવતિ ।**

**અનીશો વા કુર્યાદ્ ભુવન - જનને કઃ, પરિકરો**
**યતો મંદાસ્ત્વાં પ્ર,-ત્યમરવર સંશે, - રત ઈમે ॥ ૬**

હે દેવોમાં શ્રેષ્ઠ ! અવયવવાળાં આ સઘળાં જગત શું ઉત્પત્તિ વિનાનાં હોય ખરાં ? અને જગતની ઉત્પત્તિની ક્રિયા કર્તા વગર કંઈ બની શકે ખરી ? જો ઈશ્વર સિવાય બીજો કોઈ કર્તા હોય, તો સર્જનની સામગ્રી કઈ ! આ બધાં કારણોથી તમે સિદ્ધ જ છો. છતાં જેઓ તમારા પ્રત્યે સંદેહ ધરે છે, તે મૂર્ખા છે. (૬)

**ત્રયી સાંખ્યં યોગઃ, પશુપતિ-મતં, વૈષ્ણવ-મિતિ**
**પ્રભિન્ને પ્રસ્થાને, પરમિદ - મદઃ, પથ્ય - મિતિ ચ ।**
**રુચીનાં વૈચિત્ર્યા, દૃજુ - કુટિલ - નાના, - પથજુષાં**
**નૃણા-મેકો ગમ્ય, સ્ત્વમસિ પયસા,-મર્ણવ ઈવ ॥ ૭**

ત્રણ વેદ, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, પાશુપત દર્શન અને વૈષ્ણવ દર્શન – એમ ભિન્ન ભિન્ન શાસ્ત્રો અને તેના માર્ગો હોવાથી 'આ શ્રેષ્ઠ છે અને આ હિતકર છે' એમ રુચિઓની વિચિત્રતાને લીધે હે પ્રભો ! સરળ અને કુટિલ એવા જુદા જુદા માર્ગોનો આશ્રય કરનારાઓને – જેમ પાણી સમુદ્રને મળે છે, તેમ–તમે જ પ્રાપ્ત થાઓ છો. (૭)

**મહોક્ષઃ ખટ્વાંગં, પરશુ - રજિનં, ભસ્મ ફણિનઃ**
**કપાલં ચેતીયત્, તવ વરદ ! તંત્રોપ - કરણમ્ ।**
**સુરાસ્તાં તા - મૃદ્ધિં, દધતિ તુ ભવદ્-ભ્રૂ-પ્રણિહિતાં**
**ન હિ સ્વાત્મારામં, વિષય-મૃગ-તૃષ્ણા, ભ્રમયતિ ॥ ૮**

હે ઈષ્ટ વરદાન આપનાર મહાદેવ ! તમારા કુટુંબનું પોષણ કરવાનું સાધન - મોટો પોઠિયો, ખટ્વાંગ, ફરશી, મૃગચર્મ, ભસ્મ, સર્પો અને ખોપરીઓ આટલું જ છે; છતાં દેવો તો આપની ભ્રૂકુટિના ઈશારાથી અપાયેલી તે તે સમૃદ્ધિને ધારણ કરે છે. ખરેખર ! વિષયોરૂપી ઝાંઝવાનું જળ પોતાના આત્મામાં જ આનંદ માણનાર યોગીને ભમાવી શકતું નથી. (૮)

**ધ્રુવં કશ્ચિત્ સર્વં, સકલ - મપર - સ્ત્વ, - ધ્રુવ - મિદં**
**પરો ધ્રૌવ્યા-ધ્રૌવ્યે, જગતિ ગદતિ, વ્યસ્ત-વિષયે ।**
**સમસ્તેઽપ્યેતસ્મિન્, પુરમથન ! તૈર્, વિસ્મિત ઈવ**
**સ્તુવન્જિહ્રેમિ ત્વાં, ન ખલુ નનુ ધૃષ્ટા, મુખરતા ॥ ૯**

કોઈ (સાંખ્ય અને યોગદર્શનકાર) સર્વ જગત નિત્ય છે એમ માને છે. બીજો (બૌદ્ધ) આ બધું અનિત્ય કહે છે. વળી અન્ય (નૈયાયિક) સઘળા જગતમાં નિત્યતા અને અનિત્યતા ભિન્ન ભિન્ન વિષયોમાં માને છે; આથી હે પુરમથન ! તે બધા સ્તુતિના પ્રકારોથી વિસ્મય પામેલાની પેઠે હું તમારી સ્તુતિ કરતાં શરમાતો નથી ! આહો ! ખરેખર ! વાચાળતા ઘણી જ નિર્લજજ છે. (૯)

**તવૈશ્વર્યં યત્ના, -દ્યદુપરિ વિરંચિર્, હરિ - રધઃ**
**પરિચ્છેત્તું યાતા, - વનલ મનલ - સ્કંધ, - વપુષઃ ।**
**તતો ભક્તિ - શ્રદ્ધા, - ભર - ગુરુ - ગૃણદ્ભ્યાં, ગિરિશ યત્**
**સ્વયં તસ્થે તાભ્યાં, તવ કિમનુ - વૃત્તિર્, ન ફલતિ ॥ ૧૦**

હે કૈલાસપતિ ! અગ્નિ સમાન દેદીપ્યમાન શરીરવાળા - (આપ)નું ઐશ્વર્ય માપવાને પ્રયત્ન વડે બ્રહ્મા ઉપર અને વિષ્ણુ નીચે ગયા; પણ તેઓ તેમાં ફાવ્યા નહિ; ત્યારે અત્યંત ભક્તિ અને શ્રદ્ધા વડે સારી પેઠે સ્તુતિ કરતા તે બંનેને (પોતાનું સ્વરૂપ જણાવવા) તમે પોતે જ પ્રત્યક્ષ થયા. તમારી સેવા શું નથી ફળતી ? બધું ફળે જ છે. (૧૦)

**અયત્ના-દાપાદ્ય, ત્રિભુવન - મવૈ, - રવ્ય - તિકરં**
**દશાસ્યો યદ્ બાહૂ, નભૃત રણકંડૂ - પરવશાન્ ।**
**શિરઃ પદ્મશ્રેણી, -રચિત - ચરણામ્ભો, -રુહબલેઃ**
**સ્થિરાયા સ્ત્વદ્ ભક્તે, સ્ત્રિપુરહર વિસ્ફૂર્જિતમિદમ્ ॥ ૧૧**

હે ત્રિપુરહર ! (સર્વનો પરાભવ કરવાથી) અનાયાસે વૈરી વગરનું થયેલું ત્રિભુવન મેળવીને, રાવણની લડાઈની ચટપટીવાળા જે (વીસ) બાહુઓને ધારણ કરતો હતો, તેણે (પોતાનાં) મસ્તકોરૂપી કમળની માળા તમારા ચરણકમળમાં બલિદાન કરી દીધી હતી, એ તમારા વિષેની તેની દૃઢ ભક્તિનો જ પ્રભાવ છે. (૧૧)

**અમુષ્ય ત્વત્ સેવા, - સમધિ - ગત - સારં, ભુજવનં**
**બલાત્ કૈલાસેડપિ, ત્વદધિ - વસતૌ, વિક્રમયતઃ ।**
**અલભ્યા પાતાલે,ડપ્યલ - સચલિતાં, - ગુષ્ઠ - શિરસિ**
**પ્રતિષ્ઠા ત્વય્યાસીદ્, ધ્રુવ-મુપચિતો, મુહ્યતિ ખલઃ ॥ ૧૨**

રાવણે તમારી ભક્તિ કરી પોતાની વીસ ભુજાઓમાં મજબૂતાઈ મેળવી હતી અને તેથી તેણે તમારા નિવાસસ્થાન કૈલાસમાં પણ (તેને ઊંચકીને લઈ જવા) પોતાની એ ભુજાઓનું પરાક્રમ ચલાવ્યું હતું; તે વેળા તમે (પર્વત ઉપર પગના) અંગૂઠાનો છેડો સહેજ દબાવ્યો, ત્યારે રાવણની સ્થિતિ, પાતાળમાં પણ દુર્લભ થઈ ગઈ હતી. ખરેખર ! સમૃદ્ધિમાન થયેલો દુષ્ટ પુરુષ મોહ પામે છે (છકી જાય છે). (૧૨)

**યદદ્ધિં સુત્રામ્ણો, વરદ પરમોચ્ચૈ, - રપિ સતી -**
**મધશ્ચક્રે બાણઃ, પરિજન - વિધેય, - સ્ત્રિભુવનઃ ।**
**ન તચ્ચિત્રં તસ્મિન્, વરિવસિતરિ, ત્વચ્ ચરણયોર્**
**ન કસ્યા પ્યુન્નત્યૈ, ભવતિ શિરસસ્ ત્વય્, - યવનતિઃ ॥ ૧૩**

હે વરદાન આપનારા મહાદેવ ! ત્રણે ભુવનોને જેણે દાસની જેમ વશ કરેલાં હતાં, તે બાણાસુરે ઈંદ્રની સમૃદ્ધિને પણ નીચી કરી (તિરસ્કારી) હતી. તમારા ચરણોની સેવા કરનાર બાણાસુરની બાબતમાં તે આશ્ચર્ય ઉપજાવનારું નથી; કારણ કે તમારી આગળ મસ્તકનું નમન પણ કોને ઉન્નતિ (અપાવવા) માટે થતું નથી ? (૧૩)

**અકાંડ - બ્રહ્માંડ, - ક્ષય - ચકિત - દેવા, - સુર - કૃપા-
વિધેયસ્યા - સીદ્ય, - સ્ત્રિનયન ! વિષં સં, - હૃતવતઃ ।
સ કલ્માષઃ કંઠે, તવ ન કુરુતે ન, શ્રિય - મહો
વિકારોડ પિશ્લાધ્યો, ભુવન-ભય-ભંગ,-વ્યસનિનઃ ॥ ૧૪**

હે ત્રણ નેત્રોવાળા ! (દેવો અને દાનવોએ કરેલા સમુદ્રમંથન વખતે નીકળેલા ઝેરની જવાળાઓથી) ઓચિંતા (થઈ જતા) બ્રહ્માંડના નાશને લીધે ભયભીત થયેલા ઈન્દ્રાદિ દેવો તથા દાનવો ઉપરની દયાને વશ થઈ (એ) વિષને પી ગયેલા તમારા ગળામાં જે કાળાશ થઈ ગઈ, તે શોભા કરતી નથી, એમ નથી (પણ શોભા જ કરે છે). અહો ! જગતના ભયને ટાળવાના વ્યસનવાળા પુરુષને (થયેલો) વિકાર પણ વખાણવાલાયક બને છે. (૧૪)

**અસિદ્ધાર્થા નૈવ, ક્વચિદપિ, સદેવા, - સુરનરે**
**નિવર્તન્તે નિત્યં, જગતિ જયિનો, યસ્ય વિશિખાઃ ।**
**સ પશ્યન્-નીશ ત્વા,-મિતર-સુર સાધા, - રણમ ભૂત્**
**સ્મરઃ સ્મર્ત-વ્યાત્મા, નહિ વશિષુ પથ્યઃ પરિભવઃ ॥ ૧૫**

હે ઈશ્વર ! દેવ, દાનવ અને માનવ સહિત આ જગત ઉપર કાયમનો વિજય મેળવનાર એવાં કામદેવનાં બાણ કોઈ ઠેકાણએથી સિદ્ધિ મેળવ્યા વગર પાછાં ફર્યાં નથી. તે કામદેવ તમને બીજા દેવો જેવા સાધારણ દેવ માનીને સ્મરણશેષ બની ગયો (નાશ પામ્યો). ખરેખર ! જિતેંદ્રિય (પુરુષ)નો અનાદર કદી હિતકારી બનતો નથી. (૧૫)

**મહી પાદાઘાતાદ્, વ્રજતિ સહસા, સંશય - પદં**
**પદં વિષ્ણોર્ ભ્રામ્યદ્, ભુજ-પરિઘ-રુગ્ણ,-ગ્રહ-ગણમ્ ।**
**મુહુર્ દ્યૌર્ દૌઃસ્થ્યં યા,-ત્યનિભૃત-જટા,-તાડિત-તટા**
**જગદ્ રક્ષાયૈ ત્વં નટસિ નનુ વામૈવ, વિભુતા ॥૧૬**

(હે ભગવન્ ! સંધ્યાકાળે એટલે સંધિકાળે) જગતનું ભક્ષણ કરવા ઈચ્છતા રાક્ષસને પોતાના તાંડવનૃત્ય વડે આપ મોહ પમાડો છો અને જગતનું રક્ષણ કરવા આપ નાચો છો; (પરંતુ તે વખતે થતા) પગના આઘાતથી પૃથ્વી એકાએક (દબાઈ જવાના) સંદેહમાં પડે છે; અને આકાશ તમારા આમતેમ ફરતા હાથીરૂપી ભોગળો વડે જાણે નક્ષત્રોનો સમૂહ ભાંગી ગયો કે શું એવા વહેમમાં પડે છે. વળી છેડાઓમાં છૂટી જટાના ફટકા લાગવાથી સ્વર્ગ વારંવાર મુશ્કેલીભરી સ્થિતિ પામે છે. ખરેખર ! પ્રભુતા પ્રતિકૂળ જ હોય છે. (૧૬)

**વિયદ્ વ્યાપી તારા,-ગણ-ગુણિત-ફેનોદ્-ગમ-રુચિઃ**
**પ્રવાહો વારાં યઃ, પૃષત-લઘુ-દષ્ટઃ, શિરસિ તે ।**
**જગદ્ દ્વીપાકારં, જલધિ - વલયં, તેન કૃતમિ -**
**ત્યને-નૈવોન્નેયં, ધૃતમહિમ - દિવ્યં, તવ વપુઃ ॥ ૧૭**

આકાશમાં ફેલાઈ રહેલો અને જેના ફીણમાંથી નીકળતી (સફેદ) કાંતિ તારાઓના સમૂહને લીધે બમણી થઈ છે, તેવો (આકાશગંગાના) જળનો પ્રવાહ તમારા મસ્તક ઉપર પડતાં જ માત્ર જળબિંદુ જેવડો નાનો દેખાયો ! જે જળપ્રવાહે સમુદ્રરૂપ કંદોરાવાળું જગત એક બેટ જેવું બનાવ્યું છે ! આ ઉપરથી જ તમારો દિવ્ય દેહ કેવો મોટો મહિમા ધારણ કરી રહ્યો છે તેનું અનુમાન કરી શકાય છે. (૧૭)

રથઃ ક્ષોણી યંતા, શતધૃતિ - રગેન્દ્રો, ધનુ - રથો
રથાંગે ચંદ્રાર્કૌ, રથ - ચરણ - પાણિઃ, શર ઈતિ ।
દિધક્ષોસ્તે કોડયં, ત્રિપુર - તૃણ - માડં, બર - વિધિર્
વિધેયૈઃ ક્રીડન્ત્યો, ન ખલુ પરતંત્રાઃ, પ્રભુધિયઃ ॥ ૧૮

ત્રિપુરરૂપી ઘાસને બાળવા ઈચ્છતા તમારે પૃથ્વીરૂપી રથ, બ્રહ્માજીરૂપ સારથિ, મેરુરૂપી ધનુષ્ય, સૂર્ય અને ચંદ્રરૂપી રથનાં બે પૈડાં અને વિષ્ણુરૂપી બાણ – આવો આડંબર કરવો, એ શું ? ખરેખર ! સ્વાધીન પદાર્થોની સાથે ક્રીડા કરતી પરમેશ્વરની બુદ્ધિ પરાધીન હોતી નથી. (૧૮)

**હરિસ્તે સાહસ્ત્રં, કમલ - બલિ - માધાય, પદયોર્**
**ર્યદેકોને તસ્મિન્, નિજ - મુદ - હરન્ નેત્ર-કમલમ્ ।**

**ગતો ભકત્યુ-દ્રેકઃ, પરિણ - તિમસૌ, ચક્ર - વપુષા**
**ત્રયાણાં રક્ષાયૈ, ત્રિપુર-હર જાગર્તિ, જગતામ્ ॥ ૧૯**

હે ત્રિપુરહર ! વિષ્ણુએ તમારા ચરણોમાં જ હજાર કમળોનાં પુષ્પોની ભેટ મૂકી (ત્યારે તેમની ભક્તિની પરીક્ષા કરવા તેમાંથી તમે એક છુપાવ્યું તેથી) તેમાં એક ઓછું થતાં (આજુબાજુ જોવા છતાં તે નહિ મળતાં) પોતાનું નેત્રકમળ ઉખેડી કાઢયું (અને તે આપને અર્પણ કર્યું). આ અતિશય ભક્તિનો પ્રકર્ષ સુદર્શનચક્રના રૂપે પરિણામ પામી ત્રણે જગતના રક્ષણ માટે (હજી) જાગ્રત રહે છે. (૧૯)

ક્રતૌ સુપ્તે જાગ્રત્, ત્વમસિ ફલયોગે, ક્રતુમતાં
ક્વ કર્મ પ્રધ્વસ્તં, ફલતિ પુરુષારા, ધન - મૃતે ।
અતસ્ત્વાં સંપ્રેક્ષ્ય, ક્રતુષુ ફલદાન, - પ્રતિભુવં
શ્રુતૌ શ્રદ્ધાં બદ્ધ્વા, દઢ-પરિકરઃ, કર્મસુ જનઃ ॥ ૨૦

યજ્ઞકર્મનો લય થતાં યજ્ઞ કરનાર યજમાનને ફળ આપવા તમે જાગતા રહો છો. (નહિ તો) લય પામેલું કર્મ ઈશ્વરની આરાધના વિના કેમ ફળે ? આથી તમને યજ્ઞનું ફળ આપવામાં જામીન ધારીને લોકો વેદમાં શ્રદ્ધા રાખી યજ્ઞકર્મમાં તત્પર રહે છે. (૨૦)

**ક્રિયાદક્ષો દક્ષઃ, ક્રતુપતિર - ધીશસ્ - તનુભૃતા -**
**મૃષીણા - માર્ત્વિજ્યં, શરણદ સદસ્યાઃ, સુરગણાઃ ।**
**ક્રતુભ્રંશસ્ ત્વત્તઃ, ક્રતુફલ - વિધાન, વ્યસનિનો**
**ધ્રુવં કર્તુઃ શ્રદ્ધા,-વિધુર-મભિચારાય, હિ મખાઃ ॥ ૨૧**

હે શરણ આપનાર મહાદેવ ! પ્રાણીઓના અધિપતિ અને ક્રિયાકુશળ એવા દક્ષ પ્રજાપતિ પોતે જ (જે યજ્ઞમાં) યજમાન હતા, ઋષિઓ અધ્વર્યુ હતા અને દેવો સભાસદ હતા, છતાં યજ્ઞનું ફળ આપવા ટેવાયેલા એવા આપથી (એ દક્ષના) યજ્ઞનો નાશ થયો હતો; કારણ કે શ્રદ્ધા વગર કરાયેલા યજ્ઞો નક્કી યજમાનના નાશ માટે જ થાય છે. (૨૧)

પ્રજાનાથં નાથ, પ્રસભ - મભિકં, સ્વાં દુહિતરં
ગતં રોહિદ્ ભૂતાં, રિરમયિષુ, -મૃષ્યસ્ય વપુષા ।
ધનુષ્પાણેર્ યાતં, દિવમપિ સપત્રા, - કૃત - મમું
ત્રસન્તં તેડદ્યાપિ, ત્યજતિ ન મૃગ-વ્યાધ,-રભસઃ ॥ ૨૨

હે નાથ ! મૃગલીરૂપે થયેલી પોતાની પુત્રી સાથે રમણ કરવાની ઈચ્છા રાખતા અને મૃગનું રૂપ ધારણ કરી બળાત્કારે ગમન કરતા એ કામી પ્રજાપતિને તમે બાણનું નિશાન બનાવ્યા, ત્યારે ત્રાસ પામી તે બ્રહ્મા આકાશમાં જતા રહ્યા ! છતાં હજી પણ ધનુષ્ય ધારણ કરતા તમારો (એ) શિકારીના જેવો આવેશ અથવા વેગ (તમે જ તમારું બાણ આર્દ્રા નક્ષત્ર બની મૃગશીર્ષ નક્ષત્ર-રૂપે થયેલા) એ બ્રહ્માને છોડતો નથી. (૨૨)

**સ્વ - લાવણ્યા - શંસા, ધૃત-ધનુષ-મહ્નાય, તૃણવત્**
**પુરઃ પ્લુષ્ટં દૃષ્ટ્વા, પુરમથન પુષ્પા, -યુધ - મપિ ।**
**યદિ સ્ત્રૈણં દૈવી, યમ - નિરત દેહાર્ધ, - ઘટના-**
**દવૈતિ ત્વા-મદ્ધા, બત વરદ મુગ્ધા, યુવતયઃ ॥ ૨૩**

હે પુરમથન (અસુરોનાં નગરોનો નાશ કરનાર) ! હે યમ-નિયમ પાળનાર ! પોતાના (પાર્વતીના) સૌંદર્યની (પરમ યોગી મહાદેવજીને પણ આ પાર્વતીના અતિશય સૌંદર્યથી હું જરૂર વશ કરીશ, એવી) આશાથી ધનુષ ઊંચકનાર કામદેવને તણખલાની જેમ (પોતાની) સામે જ જલદી બળી ગયેલો જોઈને પણ દેવી પાર્વતી (જેણે મારે માટે લાંબો વખત તપ કર્યું છે તે મારો વિરહ ન પામે એવી દયા લાવીને) જેને તમે પોતાના અર્ધ શરીરમાં સ્થાન આપ્યું છે, તે હે વરદાન આપનાર મહાદેવ ! તમને જો સ્ત્રીવશ સમજે, તો ખરેખર (કહેવું જોઈએ કે) સ્ત્રીઓ અણસમજુ હોય છે. (૨૩)

**સ્મશાનેષ્વા - ક્રીડા, સ્મરહર પિશાચાઃ, સહચરા-**
**શ્ચિતા - ભસ્માલેપઃ, સ્રગપિ નૃકરોટી, - પરિકરઃ ।**
**અમંગલ્યં શીલં, તવ ભવતુ નામૈવ, - મખિલં**
**તથાપિ સ્મતૃણાં, વરદ પરમં, મંગલ-મસિ ॥ ૨૪**

હે કામદેવનો નાશ કરનાર ! સ્મશાનોમાં રમવું, ભૂતપ્રેતોની સોબત, ચિતાની ભસ્મ ચોળવી અને મનુષ્યની ખોપરીની માળા પહેરવી, એમ તમારી રીતભાત ભલે અમંગળ હોય, છતાં હે વરદાતા ! તમે સ્મરણ કરતા ભક્તો માટે તો પરમ મંગળસ્વરૂપ છો. (૨૪)

**મનઃ પ્રત્યક્ ચિત્તે, સવિધ - મવધાયાત્ત, - મરુતઃ**
**પ્રહૃષ્ય - દ્રોમાણઃ, પ્રમદ - સલિલોત્સં, - ગિત-દશઃ ।**
**યદાલોક્યાહ્લાદં, હૃદ ઈવ નિમજ્યા, - મૃત - મયે**
**દધત્યંતસ્ તત્ત્વં, કિમપિ યમિનસ્ તત્ કિલ ભવાન્ ॥ ૨૫**

(બાહ્ય વિષયોથી હઠાવી લીધેલા) મનને હૃદયમાં રોકીને, પ્રકારો સહિત પ્રાણાયામ કરનારા, રોમાંચ ધારણ કરનારા અને હર્ષાશ્રુથી પૂર્ણ નેત્રવાળા યોગીઓ જાણે અમૃતના ધરામાં ડૂબ્યા હોય, એમ જે અનિર્વચનીય તત્ત્વ જોઈને અંતઃકરણમાં આનંદનો અનુભવ કરે છે, તે તત્ત્વ આપ જ છો, એમ પ્રસિદ્ધ છે. (૨૫)

**ત્વમર્ક- સ્ત્વં સોમ,-સ્ત્વમસિ પવનસ્ત્વં, હુતવહ-**
**સ્ત્વમા-પસ્ત્વં વ્યોમ, ત્વમુ ધરણિ-રાત્મા ત્વ, મિતિચ ।**
**પરિચ્છિન્ના - મેવં, ત્વયિ પરિણતા, બિભ્રતુ ગિરં**
**ન વિદ્મસ્ તત્ તત્ત્વં, વયમિહ તુ યત્ત્વં, ન ભવસિ ॥ ૨૬**

હે પ્રભો, તમે સૂર્ય છો, તમે ચંદ્ર છો, તમે વાયુ છો, તમે અગ્નિ છો, તમે જળ છો, તમે પૃથ્વી છો. અને આત્મા (ક્ષેત્રજ્ઞ યજમાનરૂપ) પણ તમે જ છો. એવી રીતે તમારા વિષે પરિપકવ બુદ્ધિવાળા પુરુષો પરિચ્છિન્ન એટલે મર્યાદિત વાણી ભલે બોલે; પણ અમે તો આ સૃષ્ટિમાં એવું કોઈ તત્ત્વ જાણતા નથી કે જે તમે નથી. (૨૬)

**ત્રયીં તિસ્રો વૃત્તી, સ્ત્રિભુવન-મથો ત્રી,-નિપિ સુરા-**
**નકારધૈ વર્ણૈં, સ્ત્રિભિર - ભિદધત્ તીર્ણ,-વિકૃતિઃ ।**
**તુરીયં તે ધામ, ધ્વનિભિર - વરુન્ધાન, - મણુભિઃ**
**સમસ્તં વ્યસ્તં ત્વાં, શરણદ ગૃણાત્યો,-મિતિ પદમ્ ॥ ૨૭**

હે શરણ આપનાર મહાદેવ ! અ, ઉ અને મ્, આ ત્રણ વર્ણોથી; ત્રણ વેદ (ઋક્, યજુ, સામ); ત્રણ વૃત્તિઓ અથવા અવસ્થા (જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ); ત્રણ ભુવન (ભૂઃ, ભુવઃ, સ્વઃ); ત્રણ દેવો (બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ); એમને જણાવતું અને સૂક્ષ્મ ધ્વનિઓ વડે નિર્વિકાર (ત્રણે અવસ્થાઓથી પર) તમારા ચોથા સ્થાનને સમજાવતું ૐ આ પદ સમસ્ત હોય કે છૂટું પાડેલું હોય, પણ તમને જ વર્ણવે છે. (૨૭)

**ભવઃ શર્વો રુદ્રઃ, પશુપતિ - રથોગ્રઃ, સહમહાં-**
**સ્તથા ભીમેશાના, - વિતિ યદભિધાનાષ્ટ, - કમિદમ્ ।**

**અમુષ્મિન્ પ્રત્યેકં, પ્રવિચરતિ દેવ, શ્રુતિરપિ**
**પ્રિયાયાસ્મૈધામ્ને, પ્રણિહિત નમસ્યોડસ્મિ, ભવતે ॥ ૨૮**

હે દેવ ! ભવ ! (જળમૂર્તિ), શર્વ (પૃથ્વીમૂર્તિ), રુદ્ર (અગ્નિમૂર્તિ), પશુપતિ (યજમાનમૂર્તિ), વળી ઉગ્ર (વાયુમૂર્તિ), સહમહાન્ (સોમમૂર્તિ) તથા ભીમ (આકાશમૂર્તિ) અને ઈશાન (સૂર્યમૂર્તિ) - એમ આ તમારાં આઠ (મુખ્ય) નામો છે કે જે નામમાં વેદ પણ પરમેશ્વરને જણાવનાર થઈ ફર્યા કરે તેવા શરણરૂપ પ્રિય એવા આપને હું નમસ્કાર કરું છું. (૨૮)

નમો નેદિષ્ઠાય, પ્રિયદવ દવિષ્ઠા,ય ચ નમો
નમઃ ક્ષોદિષ્ઠાય, સ્મરહર મહિષ્ઠા,ય ચ નમઃ ।
નમો વર્ષિષ્ઠાય, ત્રિનયન યવિષ્ઠા,ય ચ નમો
નમઃ સર્વસ્મૈ તે, તદિદમિતિ શર્વા,ય ચ નમઃ ॥ ૨૯

હે નિર્જન વનને પ્રિય માનનારા ! સૌની પાસે રહેલા અને સૌથી દૂર રહેલા આપને નમસ્કાર; હે કામને હરનારા ! સૌથી નાના અને સૌથી મોટા સ્વરૂપવાળા આપને નમસ્કાર; હે ત્રણ નેત્રવાળા ! સૌથી વૃદ્ધ અને સૌથી યુવાન સ્વરૂપવાળા ! આપને નમસ્કાર. આ બધું આપ જ છો, એમ સમજી સર્વસ્વરૂપ અને કલ્યાણસ્વરૂપ આપને નમસ્કાર; અથવા પરોક્ષ અને અપરોક્ષરૂપે રહેલા આપને પ્રણામ હો. (૨૯)

**બહલ-રજસે, વિશ્વોત્પત્તૌ, ભવાય નમો નમઃ**
**પ્રબલ - તમસે, તત્સંહારે, હરાય નમો નમઃ ।**

**જન - સુખ - કૃતે, સત્ત્વોદ્રિક્તૌ, મૃડાય નમો નમઃ**
**પ્રમહસિ પદે, નિસ્ત્રૈગુણ્યે, શિવાય નમો નમઃ ॥ ૩૦**

જગતની ઉત્પત્તિ માટે ઘણા જ રજોગુણવાળા ભવ (બ્રહ્મ) સ્વરૂપ તમને વારંવાર નમસ્કાર; જગતનો સંહાર કરવા માટે પ્રબળ તમોગુણવાળા હર (રુદ્ર) સ્વરૂપ તમને ફરી ફરી વંદન. વળી માણસોના સુખ માટે અધિક સત્ત્વગુણનો આશ્રય કરનારા મૃડ-(વિષ્ણુ) સ્વરૂપ તમને અનેકવાર નમસ્કાર હો. છેવટે ત્રિગુણથી અતીત માયારહિત જ્યોતિ (મોક્ષ, સ્વરૂપ શિવને નમસ્કાર હો. (૩૦)

**કૃશ - પરિણતિ ચેતઃ, ક્લેશ - વશ્યં, ક્વ ચેદં**
**ક્વ ચ તવ ગુણ સીમોલ્ - લંઘિની, શશ્વદદ્ધિઃ ।**
**ઈતિ ચકિત - મમંદી, - કૃત્ય માં, ભક્તિ - રાધાદ્**
**વરદ ચરણયોસ્તે, વાક્ય - પુષ્પોપ, - હારમ્ ॥ ૩૧**

હે વરદાન આપનાર ઈશ્વર ! મારું અલ્પ વિષયવાળું અને કલેશને વશ થયેલું ચિત્ત કયાં ? અને ગુણોની (સંખ્યા તથા માપરૂપી) સીમા (હદ)ને ઓળંગી જનારી આપની નિત્ય સમૃદ્ધિ કયાં ? આ રીતે ભયભીત બનેલા મને બળાત્કારે સ્તુતિમાં પ્રવર્તાવી (અર્થાત્ ધીરજ આપીને આગળ ધપાવી) ભક્તિએ આપના ચરણોમાં (પૂર્વોકત) વાક્યપુષ્પોની ભેટ અર્પણ કરાવી છે. (૩૧)

**અસિત - ગિરિ - સમં સ્યાત્, - કજ્જલં, સિંધુપાત્રે**
**સુર - તરુ - વર - શાખા, લેખની, પત્ર - મુર્વી ।**
**લિખતિ યદિ ગૃહીત્વા, શારદા, સર્વકાલં**
**તદપિ તવ ગુણાના, - મીશ પારં, ન યાતિ ॥ ૩૨**

હે ઈશ ! મહાસાગરરૂપ પાત્રમાં નીલગિરિના જેટલી શાહી હોય, કલ્પવૃક્ષની ડાળીરૂપ કલમ હોય અને (પછી) પૃથ્વીરૂપ કાગળ લઈ સરસ્વતી દેવી જો સદાકાળ લખે, તો પણ તમારા ગુણોનો તે પાર ન પામે. (૩૨)

**અસુર - સુર - મુનીન્દ્રૈ, - રર્ચિતસ્યેન્દુ, - મૌલેર્**
**ગ્રથિત - ગુણ - મહિમ્નો, નિર્ગુણસ્યે, - શ્વરસ્ય ।**
**સકલ - ગુણ - વરિષ્ઠઃ, પુષ્પદંતાભિ, -ધાનો**
**રુચિર-મલધુ-વૃત્તઃ સ્તોત્ર-મેતચ્ -ચકાર ॥ ૩૩**

સમગ્ર (ગંધર્વના) સમુદાયમાં શ્રેષ્ઠ પુષ્પદંત નામના ગંધર્વે અસુરો, સુરો તથા મુનીંદ્રોએ પૂજેલા અને જેમનો ગુણમહિમા (વેદશાસ્ત્રોમાં) ગૂંથાયો છે, એવા નિર્ગુણ પરમેશ્વર શ્રીચંદ્રશેખર શંકર ભગવાનનું આ સુંદર સ્તોત્ર મોટા છંદો વડે રચ્યું છે. (૩૩)

અહર - હર - નવદ્યં, ધૂર્જટેઃ સ્તોત્ર, મેતત્
પઠતિ પરમ - ભક્ત્યા, શુદ્ધ-ચિત્તઃ, પુમાન્ યઃ ।
સ ભવતિ શિવલોકે, રુદ્રતુલ્ય, સ્તથાઽત્ર
પ્રચુરતર-ધનાયુઃ, પુત્રવાન્, કીર્તિમાં શ્ચ ॥ ૩૪

જે પુરુષ શુદ્ધ ચિત્તથી અને પરમ ભક્તિથી મહાદેવના આ પવિત્ર સ્તોત્રનો હમેશ પાઠ કરે છે, તે શિવલોકમાં શિવજી જેવો અને આ લોકમાં પુષ્કળ ધન તથા આયુષ્યવાળો, પુત્રવાન અને કીર્તિમાન થાય છે. (૩૪)

**મહેશાન્ - નાપરો દેવો, મહિમ્નો નાપરા સ્તુતિઃ ।**
**અઘોરાન્ - નાપરો મંત્રો, નાસ્તિ તત્ત્વં ગુરોઃ પરમ્ ॥ ૩૫**

મહેશ્વરથી શ્રેષ્ઠ બીજો કોઈ દેવ નથી અને મહિમ્નથી શ્રેષ્ઠ બીજી કોઈ સ્તુતિ નથી; તેમ જ અઘોર મંત્રોથી શ્રેષ્ઠ બીજો કોઈ મંત્ર નથી અને ગુરુથી શ્રેષ્ઠ બીજું કોઈ તત્ત્વ નથી. (૩૫)

**દીક્ષા દાનં તપસ્તીર્થં, જ્ઞાનં યોગાદિકાઃ ક્રિયાઃ ।**
**મહિમ્ન - સ્તવપાઠસ્ય, કલાં નાર્હન્તિ ષોડશીમ્ ॥ ૩૬**

(બ્રહ્મચર્યાદિ અનેક પ્રકારની) દીક્ષાઓ, (ગાય, પૃથ્વી, સોનું વગેરેનાં) દાન, (ચાંદ્રાયણાદિ) તપ, (કાશી, પુષ્કર વગેરે) તીર્થો, (શાસ્ત્રીય) જ્ઞાન અને યજ્ઞયાગાદિ ક્રિયાઓ; એમાંનું કોઈ પણ મહિમ્નઃ સ્તોત્રની (તેના પાઠની) સોળમી કળાને પહોંચવાને યોગ્ય પણ નથી. (૩૬)

**કુસુમ - દશન - નામા, સર્વ - ગંધર્વ, - રાજઃ**
**શિશુ - શશિ - ધર - મૌલેર્ દેવ - દેવસ્ય, દાસઃ ।**
**સ ખલુ નિજ - મહિમ્નો, ભ્રષ્ટ એવાસ્ય, રોષાત્**
**સ્તવન - મિદ - મકાર્ષીદ્, દિવ્ય-દિવ્યં, મહિમ્નઃ ॥ ૩૭**

પુષ્પદંત નામે સર્વ ગંધર્વોનો રાજા ચંદ્રની કલા જેના મુગટમાં છે એવા મહાદેવનો સેવક હતો. તે ગંધર્વ મહાદેવના ક્રોધથી પોતાના પ્રતાપથી ભ્રષ્ટ થયો હતો, એટલે તેણે આ પરમ દિવ્ય મહિમ્નઃ સ્તોત્ર બનાવ્યું. (૩૭)

સુરવર - મુનિ - પૂજ્યં, સ્વર્ગ - મોક્ષૈક - હેતું
પઠતિ યદિ મનુષ્યઃ પ્રાંજલિર્ નાન્ય - ચેતાઃ ।
વ્રજતિ શિવ - સમીપં, કિન્નરૈઃ સ્તૂયમાનઃ
સ્તવન - મિદ - મમોઘં પુષ્પદંત - પ્રણીતમ્ ॥ ૩૮

શ્રેષ્ઠ દેવો અને મુનિઓએ સત્કારેલું અને સ્વર્ગ તથા મોક્ષનું કારણ આ પુષ્પદંતવિચરિત મહિમ્નઃ સ્તોત્ર અમોઘ છે (અવશ્ય ફળદાયી છે). તેને (જે) મનુષ્ય બીજામાં મન રાખ્યા વિના એકાગ્રચિત્તે બે હાથ જોડી જો ભણે છે, તો કિન્નરોથી સ્તુતિ કરાતો એ શિવ સમીપ જાય છે. (૩૮)

**શ્રી પુષ્પદંત, - મુખ - પંકજ, - નિર્ગતેન**
**સ્તોત્રેણ, કિલ્બિષ - હરેણ, હર - પ્રિયેણ ।**

**કંઠ - સ્થિતેન, પઠિતેન, સમાહિતેન**
**સુપ્રીણિતો, ભવતિ, ભૂતપતિર્ મહેશઃ ॥ ૩૯**

શ્રી પુષ્પદંતના મુખકમળમાંથી નીકળેલ આ, ભગવાન શંકરને પ્રિય અને પાપહારી સ્તોત્રનો (જે મનુષ્ય) કંઠસ્થ કરીને એકાગ્ર ચિત્તે પાઠ કરે છે (તેના ઉપર) ભૂતપતિ ભગવાન મહાદેવ અત્યંત પ્રસન્ન થાય છે. (૩૯)

**ઈત્યેષા વાઙ્મયી પૂજા, શ્રીમચ્ છંકર - પાદયોઃ ।**
**અર્પિતા તેન દેવેશઃ, પ્રીયતાં મે સદાશિવઃ ॥ ૪૦**

આ પ્રમાણે આ વાણીમય પૂજા ભગવાન શ્રી શંકરનાં ચરણોમાં (મેં) અર્પણ કરી. તેનાથી દેવાધિદેવ, સદાશિવ મારા ઉપર પ્રસન્ન થાઓ. (૪૦)

**॥ ઈતિ શ્રી પુષ્પદંતવિરચિતં શિવમહિમ્નસ્તોત્રં સંપૂર્ણમ્ ॥**

---

જો તમે દ્વેષ અને તિરસ્કાર ફેંકશો તો તે ચક્રવૃધ્ધિ વ્યાજ સાથે તમારા ઉપર જ પાછા ફેંકાશે, કોઈ શક્તિ તેમને રોકી શકશે નહિં. જયારે એકવાર તમે તેને ગતિશીલ બનાવ્યા છે ત્યારે તમારે તે વેઠવાં જ પડશે. આટલું યાદ રાખવાથી તમે દુષ્ટ કૃત્યો કરતાં રોકાશો.

**- સ્વામી વિવેકાનંદ**

# શ્રી શિવતાંડવસ્તોત્ર

જટાટવી ગલજ્જલપ્રવાહ પાવિત સ્થલે ગલેડવલમ્બ્યં લંબિતાં ભુજંગતુંગમાલિકામ્
ડમડ્ ડમડ્ ડમડ્ ડમન્નિનાદવડ્ ડમર્વયં ચકાર ચંડ તાંડવં તનોતુ નઃ શિવઃ શિવમ્
જટાકટાહસંભ્રમભ્રમન્નિલિમ્પનિર્ઝરી-વિલોલવીચિવલ્લરી વિરાજમાનમૂર્ધનિ ।
ધગદ્ધગદ્ધગજ્જલલ્લલાટ પટ્ટપાવકે કિશોરચંદ્રશેખરે રતિઃ પ્રતિક્ષણં મમ... ૧
ધરાધરેન્દ્રનંદિની-વિલાસબંધુબંધુર-સ્ફુરદદિગન્તસંતતિ-પ્રમોદમાન-માનસે ।
કૃપાકટાક્ષધોરણી-નિરૂદ્ધદુર્ધરાપદિ ક્વચિચ્ચિદમ્બરે મનો વિનોદમેતુ વસ્તુનિ... ૨
જટાભુજંગપિંગલસ્ફુરત્ફણામણિપ્રભા કદમ્બકુંકુમદ્રવપ્રલિપ્તદિગ્વધૂમુખે ।
મદાન્ધસિન્ધુરસ્ફુરત્ત્વગુત્તરીયમેદુરે મનો વિનોદમદ્ભુતં બિભર્તુ ભૂતભર્તરિ... ૩
સહસ્રલોચનપ્રભૃત્યશેષલેખશેખર પ્રસૂનધૂલિધોરણીવિધૂસરાંઘ્રિપીઠભૂઃ ।
ભુજંગરાજમાલયા નિબદ્ધજાટજૂટકઃ શ્રિયૈ ચિરાય જાયતાં ચકોરબંધુશેખરઃ... ૪
લલાટચત્વરજવલદ્ધનંજયસ્ફુલિંગભા - નિપીતપંચસાયકં નમન્નિલિંપનાયકમ્ ।
સુધામયૂખલેયા વિરાજમાનશેખરં મહાકપાલિસમ્પદે શિરો જટાલમસ્તુનઃ... ૫
કરાલભાલપટ્ટિકા ધગદ્ધગદ્ધગજ્જવલદ્ ધનંજયાધરીકૃતપ્રચંડપંચસાયકે ।
ધરાધરેન્દ્રનંદિનીકુચાગ્રચિત્રપત્રક-પ્રકલ્પનૈકશિલ્પિનિ ત્રિલોચને મતિર્મમ... ૬

નવીનમેઘમંડલીનિરૂદ્ધદુર્ધરસ્ફુરત્-કુહૂનિશીધિનીતમઃ પ્રબન્ધબંધુકન્ધરઃ ।
નિલિમ્પનિર્જરીધરસ્તનોતુ કૃત્તિસિન્ધુરઃ કલાનિધાનબંધુરઃ શ્રિયં જગદ્ધુરંધરઃ... ૭
પ્રફુલ્લનીલપંકજપ્રપંચકાલિમચ્છટા-વિડમ્બિકંઠકંધરા રૂચિપ્રબંધકંધરમ્ ।
સ્મરચ્છિદં પુરચ્છિદં ભવચ્છિદં મખચ્છિદં ગજચ્છિદાંધકાચ્છિદં તમંતકચ્છિદં ભજે... ૮
અગર્વસર્વમંગલા-કદાકદંબમંજરી-રસપ્રવાહમાધુરી-વિજૃમ્ભણા-મધુવ્રતમ્ ।
સ્મરાંતકં પુરાંતકં ભવાન્તકં મખાંતકં ગજાન્તકાંધકાન્તકં તમંતકાન્તકં ભજે... ૯
જયત્વદભ્રવિભ્રમ-ભ્રમદ્ભુજંગમસ્ફુર-દ્ધગદ્ધગદ્વિનિર્ગમત્કરાલભાલહવ્યવાટ્ ।
ધિમિદ્ધિમિદ્ધિમિદ્ધ્વિનન્મૃદંગતુંગમંગલ-ધ્વનિક્રમપ્રવર્તિતપ્રચંડતાંડવઃ શિવઃ... ૧૦
દૃષદ્વિચિત્રતલ્પયોર્ભુજંગમૌક્તિકસ્રજો-ગરિષ્ઠરત્નલોષ્ઠયોઃસહૃદ્વિપક્ષપક્ષયોઃ ।
તૃણારવિન્દચક્ષુષોઃ પ્રજામહીમહેન્દ્રયોઃ સમં પ્રવર્તયન્મનઃ કદા સદાશિવં ભજે... ૧૧
કદાનિલિમ્પનિર્ઝરીનિકુંજકોટરે વસનવિમુક્તદુર્મતિઃ સદા શિરસ્થમંજલિં વહન્ ।
વિમુક્તલોલલોચનો લલાટભાલલગ્નકઃ શિવેતિ મંત્રમુચ્ચરન્ કદા સુખી ભવામ્યહમ્... ૧૨
ઈદં હિ નિત્યમેવમુક્તમુત્તમોત્તમં સ્તવં પઠન્સ્મરન્બ્રુવન્નરો વિશુદ્ધિમેતિ સંતતમ્ ।
હરે ગુરૌ સુભક્તિમાશુ યાતિ નાન્યથા ગતિ વિમોહનં હિ દેહિનાં તુ શંકરસ્ય ચિંતનમ્... ૧૩
પૂજાવસાનમયે દશવક્ત્રગીતં યઃ શંભુપૂજનમિદં પઠતિ પ્રદોષે ।
તસ્ય સ્થિરાં રથગજેન્દ્રતુરંગયુકતાં લક્ષ્મીં સદૈવ સુમુખીં પ્રદદાતિ શંભુઃ... ૧૪

॥ ઈતિ શ્રી શિવતાંડવસ્તોત્ર સંપૂર્ણમ્ ॥

# શ્રી દ્વાદશ જ્યોતિર્લિંગ સ્તોત્ર

સૌરાષ્ટ્રે સોમનાથં ચ શ્રીશૈલે મલ્લિકાર્જુનમ્ ।
ઉજ્જયિન્યાં મહાકાલમોંકાર મમલેશ્વરમ્ ॥

પરલ્યાં વૈજનાથં ચ ડાકિન્યાં ભીમશંકરમ્ ।
સેતુબંધે તુ રામેશં નાગેશં દારુકાવને ॥

વારાણસ્યાં તુ વિશ્વેશં ત્ર્યંબકં ગૌતમી તટે ।
હિમાલયે તુ કેદારં ઘૃષ્ણેશં તુ શિવાલયે ॥

એતાનિ જ્યોતિર્લિંગાનિ સાયં પ્રાતઃ પઠેન્નરઃ ।
સપ્ત જન્મ કૃતં પાપં સ્મરણેન વિનશ્યતિ ॥

## રૂદ્રાભિષેક

॥ ॐ ॥

॥ સર્વ દેવેભ્યો નમઃ ॥

ૐ નમો ભવાય શર્વાય રુદ્રાય વરદાય ચ ।
પશૂનાં પતયે નિત્યં ઉગ્રાય ચ કપિર્દિને ॥ ૧

મહાદેવાય ભીમાય ત્ર્યંબકાય શિવાય ચ ।
ઈશાનાય મખઘ્રાય નમસ્તે મખધાતિને ॥ ૨

કુમાર ગુરવે નિત્યં નીલગ્રીવાય વેધસે ।
પિનાકિને હવિષ્યાય સત્યાય વિભવે સદા ।
વિલોહિતાય ધૂમ્રાય વ્યાધિને નપરાજિતે ॥ ૩

નિત્યં નીલશિખણ્ડાય શૂલિને દિવ્યચક્ષુષે ।
હન્ત્રે ગોપ્ત્રે ત્રિનેત્રાય વ્યાધાયવસુરેતસે ॥ ૪

અચિન્ત્યાયમ્બિકાભર્ત્રે સર્વદેવસ્તુતાય ચ ।
વૃષધ્વજાય મુણ્ડાય જટિને બ્રહ્મચારિણે ॥ ૫

તપ્તમાનાય સલિલે બ્રહ્મણ્યાઅજિતાય ચ ।
વિશ્વાત્મને વિશ્વસૃજે વિશ્વમાવૃત્ય તિષ્ઠતે ॥ ૬

નમો નમસ્તે સત્યાય ભૂતાનાં પ્રભવે નમઃ ।
પંચવક્ત્રાય શર્વાય શંકરાય શિવાય ચ ॥ ૭

નમોઽસ્તુ વાચસ્પતયે પ્રજાનાં પતયે નમઃ ।
નમો વિશ્વસ્ય પતયે મહતાં પતયે નમઃ ॥ ૮

નમઃ સહસ્ત્ર શીર્ષાય સહસ્ત્ર ભુજ મન્યવે ।
સહસ્ત્ર નેત્ર પાદાય, નમઃ સાંખ્યાય કર્મણે ॥ ૯

નમો હિરણ્ય વર્ણાય, હિરણ્ય કવચાય ચ ।
ભક્તાનુકંપિને નિત્યંસિધ્યતાં નો વરઃ પ્રભો ॥ ૧૦

એવસ્તુત્વા મહાદેવં વાસુદેવઃ સહાર્જુનઃ ।
પ્રસાદયામાસ ભવં તદા શસ્ત્રોપ લબ્ધયે ॥ ૧૧

❖

પુત્ર માટે ચોખાથી, ધન-વૈભવ માટે બિલીપત્રથી, આયુષ્ય માટે દુર્વાથી, જુદી જુદી કામના માટે તલથી, રોગ-મુક્તિ માટે દુધથી, રાજયોગ માટે ધૃતધારાથી અગિયાર અભિષેક કરવા.

**(૧૧ અભિષેક બરાબર એક રૂદ્રી)**

# લિંગાષ્ટકમ્

બ્રહ્મમુરારિસુરાંર્ચિતલિંગ નિર્મલભાષિતશોભિતલિંગમ્
જન્મજદુઃખવિનાશકલિંગં તત્પ્રણમામિ સદાશિવલિંગમ્ ૧

દેવમુનિપ્રવરાર્ચિતલિંગં કામદહં કરુણાકરલિંગમ્
રાવણદર્પણવિનાશલિંગં તત્પ્રણમામિ સદાશિવલિંગમ્ ૨

સર્વસુગંધસુલેપિતલંગં બુધ્ધિવર્ધનકારણલિંગં
સિધ્ધસુરાસુરવંદિતીલિંગં તત્પ્રણમામિ સદાશિવલિંગમ્ ૩

કનકમહામણિભૂષિતલિંગં ફણિપતિવેષ્ઠિતશોભિતલિંગં
દક્ષસુયજ્ઞવિનાશનલિંગં તત્પ્રણમામિ સદાશિવલિંગમ્ ૪

કુંકુમચંદનલેપિતલિંગં પંકજહારસુશોભિતલિંગં
સંચિતપાપવિનાશનીલિંગં તત્પ્રણમામિ સદાશિવલિંગમ્ ૫

દેવગણાર્ચિતસેવિતલિંગં ભાવૈર્ભક્તિભરેવ ચ લિંગં
દિનકરકોટિ પ્રભાકરલિંગં તત્પ્રણમામિ સદાશિવલિંગમ્ ૬

અષ્ટદલોપરિવેષ્ટિતલિંગં સર્વસમુધ્ધવકારણલિંગં
અષ્ટદરિદ્રીવનાશિત્લિંગં તત્પ્રણમામિ સદાશિવલિંગમ્ ૭

સુરગુરુસુરવરપૂજિતલિંગં સુરવનપુષ્પસદાર્ચિતલિંગં
પરાત્પરં પરામાત્મકલિંગં તત્પ્રણમામિ સદાશિવલિંગમ્ ૮

લિંગાષ્ટકકમિદં પુણ્યં યઃ પઠેચ્છિવસન્નિધૌ
શિવલોકમવાપ્નોતિ શિવેન સહ મોદતે..... ૯

# ॥ श्री रुद्राष्टकम् ॥

નમામીશમીશાન નિર્વાણરૂપં, વિભું વ્યાપકં બ્રહ્મ વેદસ્વરૂપં ।
નિજં નિર્ગુણં નિર્વિકલ્પં નિરીહં, ચિદાકાશમાકાશવાસં ભજેડહં ॥

નિરાકારમોંકારમૂલં તુરીયં, ગિરા ગ્યાન ગોતીતમીશં ગિરીશં ।
કરાલં મહાકાલ કાલં કૃપાલં, ગુણાગાર સંસારપારં નતોડહં ॥

તુષારાદ્રિ સંકાશ ગૌરં ગભીરં, મનોભુત કોટિ પ્રભા શ્રી શરીરં ।
સ્ફુરન્મૌલિ કલ્લોલિની ચારુ ગંગા, લસદ્ભાલબાલેન્દુ કંઠે ભુજંગા ॥

ચલત્કુંડલં ભ્રુ સુનેત્રં વિશાલં, પ્રસન્નાનનં નીલકંઠં દયાલં ।
મૃગાધીશચર્મામ્બરં મુણ્ડમાલં, પ્રિયં શંકરં સર્વનાથં ભજામિ ॥

પ્રચંડં પ્રકૃષ્ટં પ્રગલ્ભં પરેશં, અખંડં અજં ભાનુકોટિ પ્રકાશં ।
ત્રયઃશૂલ નિર્મૂલનં શૂલપાણિં, ભજેઽહં ભવાનીપતિં ભાવગમ્યં ॥

ક્લાતીત કલ્યાણ કલ્પાન્તકારી, સદા સજ્જનાનંદદાતા પુરારી ।
ચિદાનંદસંદોહ મોહાપહારી, પ્રસીદ પ્રસીદ પ્રભો મન્મથારી ॥

ન યાવદ્ ઉમાનાથ પાદારવિન્દં, ભજંતીહ લોકે પરે વા નરાણાં ।
ન તાવત્સુખં શાન્તિ સન્તાપનાશં, પ્રસીદ પ્રભો સર્વભૂતાધિવાસં ॥

ન જાનામિ યોગં જપં નૈવપૂજાં, નતોઽહં સદાસર્વદા શંભુ તુભ્યં ।
જરાજન્મ દુઃખૌઘ તાતપ્યમાનં, પ્રભોપાહિ આપન્નમામીશ શંભો ॥

રુદ્રાષ્ટકમિદં પ્રોક્તં વિપ્રેણ હરતોષયે ।
યે પઠન્તિ નરા ભક્ત્યા તેષાં શમ્ભુઃ પ્રસીદતિ ॥

# રામાયણની શીખ

હમે નિજ ધર્મ પર ચલના, શિખાતી રોજ-રામાયન,
સદા શુભ આચરણ કરના, બતાતી રોજ રામાયન.

જિન્હે સંસાર સાગર સે, ઉતરકર પાર જાના હૈ,
ઉન્હે સુખસે કિનારે પર, લગાદેતી હૈ રામાયન.

કભી છબી વિષ્ણુ કી બાંકી, કભી શંકર કી હૈ ઝાંકી,
હૃદય આનંદ ઝુલો પર, ઝુલાતી રોજ રામાયન.

સરલ કવિતા કી કુંજમેં, બના મંદિર હિંદી કા,
જહાં પ્રભુ પ્રેમકા દર્શન, કરાતી રોજ રામાયન.

કભી વેદો કી સાગર મે, કભી ગીતા કી ગંગામે,
કભી શાસ્ત્રોકે સુખમે, ડુબાતી રોજ રામાયન.

હમે નિજધર્મ પર ચલના, શિખાતી રોજ રામાયન,
હમે શુભ આચરણ કરના, બતાતી રોજ રામાયન.

**બોલો શ્રી રામચંદ્ર ભગવાન કી જય.**

